# સરકારી કર્મચારીઓને હૃદય રોગની સારવાર માટે થયેલ ખર્ચને મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એમએમ / ૧૦૯૩ / ૨૩૨૭ / અ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૧ લી મે, ૧૯૯૭

વંચાણે લીધા :

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : એમએજી / ૧૦૮૮ / ૨૬૧૬ / ૫, તા. ૩૦/૧૨/૮૮.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : એમએજી / ૧૦૮૮ / ૩૨૦૩ / ૫, તા. ૨૩/૮/૯૦.

—: આમુખ :—

રાજ્ય સરકારના કર્મચારીઓ માટે તબીબી સારવાર અંગે સંદર્ભ (૧) માં દર્શાવેલ તા. ૩૦/૧૨/૮૮ ના ઠરાવથી નિયમો નક્કી કરવામાં આવ્યા છે. આ નિયમોના નિયમ-૮(૧)-અ, ની જોગવાઇ મુજબ ખાસ સંજોગોમાં અધિકૃત ચિકિત્સકની ભલામણ અને અધિક નિયામકશ્રી, (તબીબી) ની પૂર્વ મંજૂરી મેળવીને રાજ્ય બહારની હોસ્પિટલમાં સારવાર મેળવી શકાય છે. સંદર્ભ (૨) માં દર્શાવેલ તા. ૨૩/૮/૯૦ ના ઠરાવથી કેન્સર, કીડની અને હૃદયને લગતાં રોગોની સારવાર માટે રાજ્ય બહારની કેટલીક હોસ્પિટલોને માન્ય ગણેલી છે. આ હોસ્પિટલમાં અધિકૃત ચિકિત્સકની ભલામણ અને અધિક નિયામકશ્રી, (તબીબી) ની પૂર્વમંજૂરી મેળવીને સારવાર લીધી હોય તો સારવાર અંગે થયેલ ખર્ચ સરભર કરવામાં આવે છે, પરંતુ હૃદય રોગને લગતી સારવારના ઘણાં કિસ્સાઓમાં સરકારી કર્મચારીઓ / અધિકારીઓદ્વારા અધિકૃત ચિકિત્સકની ભલામણ મેળવ્યા સિવાય અને અધિક નિયામકશ્રી, (તબીબી) ની પૂર્વમંજૂરી મેળવ્યા સિવાય રાજ્ય બહારની હોસ્પિટલમાં સારવાર લેવામાં આવતી હોય છે. અને આવા અસાધારણ સંજોગોમાં અધિકૃત ચિકિત્સકની ભલામણ તથા અધિક નિયામક (તબીબી) ની પૂર્વમંજૂરી મેળવી શકાતી નથી, આથી ખાસ કિસ્સા તરીકે તબીબી સારવારનો ખર્ચ સરભર કરવા માટેની રજૂઆત કરવામાં આવતી હોય છે. રાજ્યની અંદર સમપ્રમાણ હેતુ કાર્ડિયોલોજી આવેલ છે, જેમાં એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી અને કોરોનરી આર્ટરી બાયપાસ જેવી સવલતો પ્રાપ્ત છે, એટલે ઉક્ત સંસ્થાન કરોને લક્ષમાં લઇને તેમજ આવા જ પ્રકારના કેસોમાં એકસૂત્રતા જળવાઇ રહે તે માટે હૃદય રોગની સારવારમાં એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી અને કોરોનરી આર્ટરી બાયપાસ સર્જરી માટે થતો ખર્ચ સરભર કરવાના હેતુ સબબ ચોક્કસ દરો નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## * ઠરાવ *

સરકારશ્રી કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારી કર્મચારીઓ અથવા તેમના કુટુંબીજનો દ્વારા રાજ્યની અંદર અથવા બહાર ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો-૧૯૮૮ ના નિયમ-૨ નીચે હૃદય રોગના નીચે દર્શાવેલ પ્રકારો માટે સારવાર લેવામાં આવે ત્યારે નીચે દર્શાવેલ નિયત દરોએ થયેલ સારવાર ખર્ચ મજરે આપવાનું ઠરાવે છે.

| —: સારવારનો પ્રકાર :— | —: નિયત દર-(ફિક્સ) :— |
|---|---|
| (૧) એન્જીયોગ્રાફી | રૂ. ૮,૦૦૦/- |
| (૨) એન્જીયોપ્લાસ્ટી | રૂ. ૫૦,૦૦૦/- |
| (૩) કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટીંગ ( સી. એ. બી. જી. ) | રૂ. ૭૦,૦૦૦/- |

૨. ઉપર દર્શાવેલ સારવાર ખર્ચ નીચે દર્શાવેલ શરતોને આધીન રહીને મજરે આપવાનું રહેશે.

(૧) આ ઠરાવ રવાનગીની તારીખથી અમલમાં આવશે.

(૨) ઠરાવની તારીખે ઉક્ત પ્રકારના હૃદય રોગની સારવારના પડતર કેસોનો નિકાલ ફકરા-૧માં જણાવ્યા મુજબ કરવાનો રહેશે.

(૩) ઠરાવની તારીખ પહેલાં નિર્ણય લેવાયેલ કેસોની પુનઃ વિચારણા કરવાની રહેશે નહીં.

(૪) [illegible] રહેશે.

(૫) ઉક્ત સારવાર ખર્ચ બાબતે બીલ પર જે તે જિલ્લાના સિવિલ સર્જનની પ્રતિ સહી મેળવવાની રહેશે. ત્યાર બાદ બીલ રજૂ થયેથી ખાતાના વડાએ સારવાર ખર્ચ આપવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૧-૧૧-૯૫ ની નોંધથી મળેલી અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જિ. કૃ. જાની )
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ગુજરાત સરકાર